# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-06 તા.16-09-2021

## ગરવા ગુજરાતને ઉર્જાવાન મંત્રી મંડળની ભેટ, માન.પ્રધાનમંત્રીએશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી અનુભવી મંત્રીશ્રીઓના સમર્થનની ઐતિહાસિક ઘટના

---

## માન.ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ માન.ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી દ્વારા ગુજરાતની વિકાસગાથાને નયા આયામો મળ્યા.

---

દેશની આઝાદી પછી પ્રથમ વખત ગુજરાત સરકારમાં મોટી શાખ બધાજ ઉર્જાવાન તેમજ રાષ્ટ્ર પ્રેમને વરેલા નવા મંત્રીશ્રીઓને નેતૃત્વ સોંપીને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ઇતિહાસના પૃષ્ઠ પર એક સ્વર્ણિમ પાનું ઉમેર્યું છે. આ તકે ખાસ ઉલ્લેખનીય છે કે માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તેમજ માન.ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબે ગુજરાત સરકારના સૌ વરિષ્ઠ અને અનુભવી મંત્રીશ્રીઓએ નવનિયુક્ત ઉર્જાવાન મંત્રીશ્રીઓને સમર્થન કરીને પ્રોત્સાહિત કર્યા હોય રાષ્ટ્રની રાજનીતિની આ પ્રથમ તથા ઐતિહાસિક ઘટના છે. ગુજરાત જ્યારે વિશ્વના સૌથી લોકપ્રિય નેતા સાબિત થયા છે. એવા માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની જન્મભૂમિ છે ત્યારે ગુજરાતમાં વિકાસને નવી ઊંચાઈ ઉપર લઈ જવા માટે નવા જોશ નવા વિચારો તેમજ નવી ઉર્જા સભર ઉત્સાહ ધરાવતા મંત્રીશ્રીઓને જવાબદારીઓ સોંપીને સમગ્ર રાજ્યને નવીનતમ નેતૃત્વ આપ્યું છે જે ભારતીય જનતા પાર્ટીની પરંપરા રહી છે.

ભારતીય રાજનીતીમાં વ્યક્તિ કરતાં પક્ષ અને પક્ષ કરતાં રાષ્ટ્ર વધુ મહત્વ આપતો હોય તેવો એક માત્ર રાજકીય પક્ષ એટલે ભારતીય જનતા પાર્ટી, સત્તા એજ જનસેવાનું માધ્યમ છે એ પોતપોતાના વિસ્તારો માટે અવિરત પરિશ્રમ આદરી માન.પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબ દ્વારા સૂચવાયેલ સેવાયજ્ઞને અભૂતપૂર્વ ઊંચાઈઓ પર લઈજનાર દરેક કાર્યકરો માત્ર અને માત્ર રાષ્ટ્રહિત માટે જ કાર્ય કરે છે તેનો આ પુરાવો છે. આ અગાઉ મંત્રી મંડળના સભ્યો એટલે કે ગુજરાતની વિકાસગાથાને વેગવંતી બનાવવામાં જેમનો સિંહ ફાળો છે તેવા તમામ સિનિયર મંત્રીશ્રીઓના બહોળા અનુભવોનો લાભ ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં લેવામાં આવશે. સંગઠન દ્વારા અમલી જનસેવાના કાર્યોનું તેમજ સરકારશ્રીની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના દરેક નાગરિકો સુધી પહોંચાડવાના યજ્ઞમાં આહુતિ બનશે.

આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ તેમજ યુવા ચહેરાઓ સભર નવરચિત મંત્રીમંડળ સહભાગીતાનો એક ઉત્તમ દ્રષ્ટાંત છે. ખાસ ઉલ્લેખ કરવો ઘટે કે "નારી તું નારાયણી" મંત્રને લક્ષ્યમાં રાખી રાજ્યના મંત્રી મંડળમાં 02 મહિલાઓને સ્થાન આપી નારી સશક્તિકરણની દિશામાં નવું પરિમાણ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ઉમેરાયું છે. એટલું જ નહીં બલ્કે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મંત્રીમંડળમાં દરેક જ્ઞાતિ, દરેક વર્ગો તેમજ રાજ્યના દરેક વિસ્તારના પ્રતિનિધિઓનો સમાવેશ કરીને ભારતીય જનતા પાર્ટીએ સામાજિક સમરસતાનો સર્વોત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. જે દર્શાવે છે કે, માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તેમજ ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ દ્વારા પ્રજ્વલિત જનસેવા યજ્ઞને સાકાર કરવાના સંકલ્પથી સજ્જ આ નવરચિત મંત્રીમંડળ સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે સસ્ટેઇનેબલ ડેવલોપમેન્ટના કાર્યોને નવી ઊંચાઈઓ આપશે. ગુજરાતનું નવરચિત મંત્રીમંડળ ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તાઓ માટે એક નવી ઉર્જા તેમજ ઉત્સાહ લઈ આવ્યું છે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)